**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૭ તેમજ લાંચ રૂશ્વત વિરોધી ધારા, ૧૯૮૮ હેઠળ પ્રોસીક્યુશનની મંજૂરી આપનાર અધિકારીને સાક્ષી તરીકે ન દર્શાવવા બાબત.**

# ગુજરાત સરકાર

**પરિપત્ર ક્રમાંક: વિ.પ./યુએએ/૧૦૨૦૧૯/જીઓઆઈ-૦૫**

ગૃહ વિભાગ, સચિવાલય,

ગાંધીનગર.

તા.૧૫/૦૭/૨૦૧૯

**વંચાણે લીધા :-** ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગના ૧૦/૧૧/૨૦૦૮ ના ઓફીસ મેમોરેન્ડમ.

**પરિપત્ર :**

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૭ તેમજ લાંચ રૂશ્વત વિરોધી ધારા, ૧૯૮૮ હેઠળ સરકારી અધિકારીઓ/ કર્મચારીઓ સામે ફોજદારી કાર્યવાહી કરવા માટે જે સક્ષમ સત્તાધિકારી દ્વારા અથવા જે અધિકારીની સહીથી મંજૂરી આપતો હુકમ કરવામાં આવે છે તેમને આવી મંજૂરી આપતા હુકમની કાયદેસરતા પૂરવાર કરવાના હેતુથી તપાસ કરનાર એજન્સી દ્વારા સામાન્ય રીતે સાક્ષી (પ્રોસીક્યુશન વીટનેસ) તરીકે દર્શાવવામાં આવતા હોય છે. અનુભવે એવુ જણાયું છે કે, પ્રોસીક્યુશન કરવા માટે મંજૂરી આપનાર અથવા સહી કરનાર સત્તાધિકારીને આવા અધિકારી તેમના હોદ્દા પર ચાલુ ન હોય અને ઘણી વખત સરકારી સેવામાંથી નિવૃત થયાના લાંબા સમય બાદ અદાલત દ્વારા પુરાવો રેકર્ડ કરવા તથા ઉલટ તપાસ માટે સમન્સ મોકલવામાં આવે છે અને આ હેતુ માટે અધિકારી/નિવૃત અધિકારીએ એક કરતા વધારે વખત અદાલત સમક્ષ હાજર રહેવુ પડતું હોય છે. જે અધિકારીઓ નિવૃત થઈ ગયા હોય છે તેમણે પોતાની જાતે મુસાફરી તેમજ રહેવાની વ્યવસ્થા કરવી પડતી હોય છે.

આ સંજોગોમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, આવા સંજોગોમાં અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી પ્રોસીક્યુશન માટેની મંજૂરી પૂરવાર કરવા માટે તેમનો અંગત પુરાવો એ કાયદાકીય જરૂરિયાત છે કે આવી મંજૂરી અન્ય કોઈ રીતે પણ સાબિત થઈ શકે છે.

નામદાર સુપ્રિમ કોર્ટે મહોમદ ઈકબાલ અહેમદ વિરૂદ્ધ આંધ્રપ્રદેશ, ૧૯૭૦ સીઆરએલજે ૬૩૩ એસસીના કેસમાં અને સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂદ્ધ ડૉ. એ.કે.દત્તા, એઆઈઆર ૧૯૮૧, એસસીમાં એ મુજબ ઠરાવ્યું છે કે પ્રોસીક્યુશન માટેની મંજૂરી સાબિત કરવાની જરૂરિયાત કોઈ બે રીતે એટલે કે મૂળ મંજૂરીના હુકમો કે જેમાં ગુનો બનતી હકીકતોને અને ખાતરી થયાના કારણોનો સમાવેશ થાય છે તે રજૂ કરીને અથવા એવો પુરાવો રજૂ કરીને કે મંજૂર કરનાર સત્તાધિકારી સમક્ષ હકીકતો રજૂ કરવામાં આવી હતી અને તેઓને તે બાબતે ખાતરી થઈ હતી તે રજૂ કરીને પૂર્ણ થઈ શકે છે.

સી.બી.આઈ. હૈદરાબાદ વિરૂદ્ધ પી.મુથુરમન ૧૯૯૬ સીઆરએલજે ૩૯૩૮ના કેસમાં એ મુજબ ઠરાવવામાં આવેલ છે કે, પ્રોસીક્યુશન માટેની મંજૂરીના હુકમ પરની સહી મંજૂર કરનાર સત્તાધિકારી દ્વારા અથવા મંજૂર કરનાર અધિકારી અથવા મંજૂર કરનાર સત્તાધિકારીની સહીથી માહિતગાર હોય તેવા તાબાના અધિકારી દ્વારા સાબિત કરવી જોઈએ. એક વખત સહી અંગેની બાબત પુરવાર થઈ જાય અને સંબંધિત હુકમ એ વિગતદર્શક (Self-Contained) હુકમ હોય તો ત્યાં બાબત પૂરી થવી જોઈએ અન્યથા હુકમ કરનાર અધિકારી દ્વારા મંજૂરીના હુકમ આપતા પહેલા તેમની સમક્ષ રજૂ થયેલ મટીરીયલને સમજપૂર્વક વાંચેલ છે એ મુજબનો પુરાવો લેવામાં આવવો જોઈએ.

બાબારાલી અહેમદી સૈયદ વિ. ગુજરાત રાજ્ય ૧૯૯૧ સીઆરએલજે ૧૨૬૯ (ગુજરાત) ના કેસમાં એ મુજબ સ્પષ્ટ ઠરાવવામાં આવ્યુ છે કે મંજૂરીના હુકમોમાં કેસની હકીકતો સંપૂર્ણપણે પ્રસ્થાપિત થઈ હોય તો ફોજદારી કામ ચલાવવાની મંજૂરી આપનાર સત્તાધિકારીના મુખ્ય પૂરાવા દ્વારા તેને સાબિત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને સત્તાધિકારી સમક્ષ સબંધિત તથ્યો રજૂ કરવામાં આવ્યા હતા તેવા કોઈ અલગ અને સ્વતંત્ર પૂરાવો બતાવવાની જરૂર રહેતી નથી.

રાજ્ય વિ. નરસિંહાચારી ૨૦૦૬ સીઆરએલજે ૫૧૮ એસ.સી.ના કેસમાં સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવ્યુ છે કે જો ફરિયાદ પક્ષ એવુ સાબિત કરે કે મંજૂર કરનાર અધિકારી સમક્ષ તમામ સબંધિત મટીરીયલ રજૂ કરવામાં આવ્યુ હતુ અને ત્યારબાદ જ પ્રોસીક્યુશન માટેની મંજૂરીનો હુકમ કરવામાં આવ્યો હતો તો પ્રોસીક્યુશન મંજૂર કરવા માટેના હુકમ એ જાહેર દસ્તાવેજ હોવાથી મંજૂર કરનાર અધિકારીને પ્રોસીક્યુશન વિટનેસ તરીકે સમન્સ મોકલવાની જરૂરિયાત હોઈ શકે નહિ.

ઉપરોક્ત ચુકાદાઓના સંદર્ભમાં એ સ્પષ્ટ છે કે સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂરીનો જે હુકમ કરવામાં આવ્યો હોય તેમાં ગુનો થયા અંગેની હકીકતોનું નિરૂપણ કરવામાં આવ્યુ હોય અને તેમને ગુનો થયા અંગેની ખાતરી બાબતનું નિરૂપણ પણ હોય તો મંજૂર કરનાર/સહી કરનારને આવી મંજૂરીની કાયદેસરતા સાબિત કરવા માટે તેમનો વ્યક્તિગત પૂરાવો રજૂ કરવા માટે હાજર રહેવાનો હુકમ કરવાની કોઈ કાર્યવાહી કરવાની જરૂર નથી. જો ખૂબ જ જરૂરી હોય તો મૂળ મંજૂરી રજૂ કરીને મંજૂર કરનાર સત્તાધિકારીની સહીથી સારી રીતે પરિચિત હોય તેવી વ્યક્તિની તપાસ કરીને પુષ્ટિ કરી શકાય છે. આમ, મંજૂરીની કાયદેસરતા સાબિત કરવા માટે સબંધિત સત્તાધિકારીના વ્યક્તિગત પુરાવાનો આગ્રહ રાખવાનું ફરિયાદ પક્ષ માટે જરૂરી નથી. કારણ કે, તે અન્યથા પણ સાબિત કરી શકાય છે.

તેમ છતાં, મંજૂરી આપનાર સત્તાધિકારીની સક્ષમતા અથવા યોગ્ય રીતે વિચારણા કર્યા સિવાય હુકમ કરવાના મુદ્દાઓના આધાર પર બચાવપક્ષ દ્વારા મંજૂરીને પડકારવામાં આવી હોય અને આરોપી દ્વારા મંજૂરીની કાયદેસરતા અંગે શંકા ઉભી કરતો પ્રથમ દર્શનીય કેસ ઉભો કરવામાં આવ્યો હોય તો ટ્રાયલ કોર્ટને ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૩૧૧ હેઠળ આવા સત્તાધિકારીને હાજર રહેવા માટેના હુકમ કરવા માટેની પર્યાપ્ત સત્તા પ્રાપ્ત થાય છે.

સબંધિત તમામ સત્તાધિકારીઓ/તપાસ કરનાર એજન્સીઓને ઉપરોક્ત જણાવેલ સ્થાપિત કાયદાકીય પરિસ્થિતિ પ્રોસીક્યુશનની મંજૂરીના હુકમની કાયદેસરતા સાબિત કરવા ધ્યાને લેવા જણાવવામાં આવે છે અને એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે મંજૂરી આપનાર અધિકારીને સાક્ષીઓની યાદીમાં જેમ હંમેશા દર્શાવવામાં આવે છે તે રીતે નિયમિતપણે (routinely) તેમનો સમાવેશ કરવાનો રહેશે નહિ.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(વિજય બધેકા)**
**ઉપ સચિવ**
**ગૃહ વિભાગ.**

**પ્રતિ,**

- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશનરશ્રી.
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી.
- સર્વે જિલ્લા સરકારી વકીલશ્રી.
- સિલેકટ ફાઈલ.